# SHREE VASISHTHA VIDHYALAYA

**Gujarati 2nd Language Worksheet 2025-26**

Name : - ____________________ Std.:- IV - ________

Roll No. :- Worksheet No.Term 1-01 Date : -

પાઠ – ૩ સ્વામી વિવેકાનંદ, પાઠ –૪ નવરાત્રી, પાઠ-૬ એવરેસ્ટ સાથે મારી મુલાકાત, પાઠ-૭ મા ના ગુણો , પાઠ-૮ કબડ્ડી

## ગદ્યાંશ

એક હતો છોકરો. તેનું નામ નરેશ હતું. નરેશ ભણવામાં હોશિયાર હતો. તે રોજ શાળાએ જતો અને ભણતો. એક દિવસ તે શાળાએથી ઘરે આવતો હતો ત્યારે તેણે રસ્તામાં એક કૂતરું જોયું. કૂતરું ખૂબ જ બીમાર લાગતું હતું. નરેશને તેના પર દયા આવી. તેણે કૂતરાને ખાવાનું આપ્યું અને પાણી પણ પીવડાવ્યું. ધીમે ધીમે કૂતરો સ્વસ્થ થવા લાગ્યો. નરેશ તેને રોજ ખાવાનું આપતો અને તેની સંભાળ રાખતો. ધીમે ધીમે કૂતરું નરેશનો ખાસ મિત્ર બની ગયું.

**પ્ર-૧) ઉપરના ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) છોકરાનું નામ શું હતું?

છોકરાનું નામ નરેશ હતું.

૨) નરેશ ક્યાં જતો હતો?

નરેશ શાળાએ જતો હતો.

૩) નરેશે રસ્તામાં શું જોયું?

નરેશે રસ્તામાં એક કૂતરું જોયું.

૪) નરેશે કૂતરાને શું આપ્યું?

નરેશે કૂતરાને ખાવાનું આપ્યું.

**પ્ર–૨)પાઠના આધારે ખાલી જગ્યા પૂરો.**

(૧) બાળક જ્યારે પડી જાય ત્યારે માતા --ખમ્મા-- કહીને તેના ઓવરણાં લે છે.

(૨) કોઈ કબડ્ડી ટીમ પોતાના ખેલાડી --પાંચ વાર-- વાર બદલી શકે છે.

(૩) બાંગ્લાદેશનો રાષ્ટ્રીય ખેલ --કબડ્ડી-- છે.

(૪) કબડ્ડીની ટીમમાં ખેલાડી --સાત-સાત-- હોય છે.

(૫) વિરોધી પાલામાં ગયેલ ખેલાડી નિરંતર --કબડ્ડી-કબડ્ડી-- બોલતો હોય છે.

(૬) --નરેન્દ્ર-- ની બુદ્ધિ કુશાગ્ર હતી.

**પ્ર-૩) યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

૧) કોણ આપણને ભીનામાંથી સૂકામાં સુવાડે છે?

(અ) માતા ✓ (બ) પિતા (ક) દાદી

(૨) કવિ દલપતરામ કોના સ્નેહની વાત કરી રહ્યા છે?

(અ) ભાઈ (બ) બહેન (ક) માતા ✓

Scanned with OKEN Scanner

(૩) એવરેસ્ટની આ પૂરી યાત્રામાં બચેન્દ્રીને કેટલો સમય લાગ્યો?

(અ)૧૦ કલાક અને ૪૦ મિનિટ (બ)૧૦ કલાક અને ૫૦ મિનિટ (ક)૧કલાક અને ૪૦ મિનિટ

(૪) બચેન્દ્રી પાલના રેગ્યુલેટર પર ઓક્સિજનનું પ્રમાણ કોણે વધારે કર્યું?

(અ) અંગદોરજીએ (બ) લ્હાટૂએ (ક) કર્નલ ખુલ્લરે

(૫) કબડીની પ્રત્યેક દળોમાં કેટલા અવેજી ખેલાડી હોય છે?

(અ) ત્રણ-ત્રણ (બ) પાંચ-પાંચ (ક) સાત-સાત

(૬) કયો તહેવાર ભારતમાં અને વિદેશમાં પણ ઉજવવામાં આવે છે?

(અ) નવરાત્રી (બ)૧૫મી ઓગસ્ટ (ક) ૨૬મી જાન્યુઆરી

**પ્ર-૪) પાઠના આધારે નીચેનાં વાક્યો ખરા [√] છે કે ખોટા [×] તે જણાવો.**

(૧) કવિ માતાના પ્રેમને 'મહા હેતવાળી દયાળી મા' શબ્દથી પ્રયોજે છે. [✓]

(૨) બચેન્દ્રી એવરેસ્ટની ટોચ પર સાત વાગીને એક મિનિટે પહોંચી. [X]

(૩) બચેન્દ્રી ૨૫ મે, ૧૯૮૪ના દિવસે એવરેસ્ટ પર પહોંચી. [X]

(૪) કોઈ ખેલાડીને ઈજા પહોંચે તો તેની જગ્યાએ અવેજી ખેલાડી રમે છે. [✓]

(૫) માતા દુર્ગાએ મહિષાસુર સાથે યુદ્ધ કર્યું, જે નવ દિવસ ચાલ્યું. [✓]

**પ્ર-૫) પાઠના આધારે નીચેનાં પ્રશ્નોનાં એક વાક્યમાં જવાબ લખો.**

૧) બરફ દૂર કરવા માટે બચેન્દ્રીએ કઈ વસ્તુનો ઉપયોગ કર્યો?

બરફ દૂર કરવા માટે બચેન્દ્રીએ પાવડાનો ઉપયોગ કર્યો.

૨) બચેન્દ્રીના દલનેતા કોણ હતા?

બચેન્દ્રીના દલનેતા અંગદોરજી હતા.

૩) એવરેસ્ટ પર પહોંચવાની સૂચના કોણે આપી?

એવરેસ્ટ પર પહોંચવાની સૂચના લ્હાટૂએ આપી.

૪) દાદાજી બાળપણમાં કયો ખેલ રમતા હતા?

દાદાજી બાળપણમાં કબડ્ડી રમત રમતા હતા.

૫) ભારતનો રાષ્ટ્રીય ખેલ કયો છે?

ભારતનો રાષ્ટ્રીય ખેલ હોકી છે.

૬) કેટલા વજનથી વધારે વજનવાળી વ્યક્તિ કબડ્ડી રમી શકતી નથી?

૮૫ કિલોગ્રામ વજનથી વધારે વજનવાળી વ્યક્તિ કબડ્ડી રમી શકતી નથી.

Scanned with OKEN Scanner